અપીલ અરજી નં.૭૪ તા.૨૦–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયાની તા.૨૯–૪–૦૯ ની અરજીથી સરીતા વિહાર સો.વિ–૧ બોમ્બે માર્કેટ પુણાગામ રોડ,મગોબ પૈકીના પ્લોટ નં.૧૯૦ની ઈમ્પેકટ ફી રૂા.૧૦,૦૦૦/– તા.૧૩–૧૦–૦૫ રસીદ નં.૪૫૧૭૯૮ થી મનસુખભાઈ મગનભાઈ પટેલ પાસેથી કયા નિયમો આધીન વસુલ કરવામાં આવી? તે મકાન માલિક, કબ્જેદાર ન હોય એની પાસેથી કયા નિયમ મુજબ ઈન્પેકટ ફી વસુલ કરી શકાય? તથા ઉપરોકત મકાનની આકારણી વિગેરે મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૪/૨૦૦૯–૧૦

શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયાની તા.૨૯–૪–૦૯ ની અરજીથી સરીતા વિહાર સો.વિ–૧ બોમ્બે માર્કેટ પુણાગામ રોડ, મગોબ પૈકીના પ્લોટ નં.૧૯૦ની ઈમ્પેકટ ફી રૂા.૧૦,૦૦૦/– તા.૧૩–૧૦–૦૫ રસીદ નં.૪૫૧૭૯૮ થી મનસુખભાઈ મગનભાઈ પટેલ પાસેથી કયા નિયમો આધીન વસુલ કરવામાં આવી? તે મકાન માલિક, કબ્જેદાર ન હોય એની પાસેથી કયા નિયમ મુજબ ઈન્પેકટ ફી વસુલ કરી શકાય? તથા ઉપરોકત મકાનની આકારણી વિગેરે મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૬ તા.૪–૬–૦૯ થી આપેલ માહિતી અધુરી અસ્પષ્ટ ગોળગોળ જવાબ ઈરાદા પુર્વક વાંચી ન શકાય તેવી માહિતી અને ખોટી રીતે નાણાં વસુલે છે તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૬ તા.૩૦–૬–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)ને તથા અરજદારને અવાચ્ય અને ગોળ ગોળ જવાબ બાબતે સ્ પષ્ટતા કરવા તથા ખોટી રીતે કયા નાણા લીધા તેની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ /૩૬ તા.૮–૭–૦૯ થી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જે અંગે અરજદારની તા.૨૯–૪–૦૯ ની મુળ અરજીની નકલ, નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૬ તા.૨૫–૫–૦૯ અને તા.૪–૬–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ, માહિતી મેળવવા દસ્તાવજે ફી રૂા.૫૦/– ભરવા, અરજદારને પાઠવેલ ઈ.ઝેડ/આરટીઆઈ/૩૬ તા.૨૬–૫–૦૯ ની નકલ, તા.૨૭–૫–૦૯ ના રોજ દસ્તાવેજ ફી ની ભરેલ રકમ, આકારણી વિભાગનો તા.૮–૪–૦૨ નો પત્ર, શહેર વિકાસ વિભાગનો બીએસઆર/૮૯૭ , ટીડીઓ/૪૨૧ તા.૨૧–૮–૮૬ નો પત્ર, સર્વે નં.૫૯, બ્લોક નં.૧૧૦ ની સાતબારની નકલ, સરિતા વિહાર સોસા.ના લે આઉટ પ્લાનની નકલ, તથા ફલેટ હોલ્ડરોના નામની યાદી, પ્લોટ નં.૧૯૦ ના તુમારની નકલ, તથા એસેસમેન્ટ રજીસ્ટરની નકલ, પૂરક વિગતોમાં અત્રે રજુ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧ ૬–૭–૦૯ ના રોજ પૂરક પત્ર મળેલ છે. .

અરજદારની તા.૨૯–૪–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧સરીતા વિહાર સો.વિ–૧ બોમ્બે માર્કેટ પુણાગામ રોડ, મગોબ પૈકીના પ્લોટ નં.૧૯૦ની ઈમ્પેકટ ફી રૂા.૧૦,૦૦૦/– તા.૧૩–૧૦–૦૫ રસીદ નં.૪૫૧૭૯૮ થી મનસુખભાઈ મગનભાઈ પટેલ પાસેથી કયા નિયમો આધીન વસુલ કરવામાં આવી? તે મકાન માલિક, કબ્જેદાર ન હોય એની પાસેથી કયા નિયમ મુજબ ઈન્પેકટ ફી વસુલ કરી શકાય? જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ ડેવલપમેન્ટ એકટ ૨૦૦૧ ના નિયમોને આધીન ઈમ્પેકટ ફી વસુલ કરવામાં આવેલ હતી. જે અન્વયે સદરહુ કાયદા હેઠળ ફકત બાંધકામ અનઓથોરાઈઝ નિયમબધ્ધ કરવામાં આવેલ છે પરંતુ કોઈ પણ સંજોગોમાં સદરહુ કાર્યથી કોઈ પણ વ્યકિતનો માલિકી હકો પ્રસ્થાપિત થતા નથી. જે અંગે ૧ થી ૧૪ પાના ની માહિતી આપેલ છે. મુદ્દા નં.૨ સદર મકાનની આકારણી સૌ પ્રથમ પહેલીવાર કયારે કરવામાં આવી ? આકારણી શરૂ કરવા સબંધી રજૂ થયેલ તમામ દફતરી ફોર્મ લીધું હોય તો તેની નકલ નાણા ભરાયા હોય તો તેની નકલ, કોના નામે ખાતેથી આકારણી થાય છે તની માહિતી જે અંગે સદરહુ મકાનની આકારણી સૌ પ્રથમ એફડીટી/૯૮ તા.૧૦–૧૦–૦૨ થી દાખલ કરવામાં આવેલ છે. જે દાખલ કરવા સરિતા વિહાર સોસા.ના ઓર્ગેનાઈઝરશ્રીએ રજૂ કરેલ રજાચિઠ્ઠી ૭/૧૨ ની નકલ, પ્લાનની નકલ, તથા લેટર પેડ ઉપર પ્લોટ હોલ્ડરોના નામોની યાદી મારુતિ અને નિધિ કન્ટ્રકશન્સના પ્રમાણપત્ર જેવા પુરાવાના આધારે રીકવીઝેશન ફોર્મ ભરી આકારણીમાં કબ્જેદાર તરીકે નામો દાખલ કરવામાં આવેલ.જે અંગે પાના નં.૧ થી ૬ ની માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) કચેરીના દફતરે તૈયાર થયેલા તુમારની છેલ્લા ૧૦ વર્ષની માહિતી. જે અંગે જાહેર માહતી અધિકારીએ કચેરીના દફતરે હરકત અરજી નં.૬૦૧૭ ના તુમારમાં સુધારેલ પત્રક 'બ' બનાવી એફડીટી નં./૯ તા.૬–૬–૦૨ થી વાંધા અરજીનો નિકાલ કરવામાં આવેલ તેવી મુદ્દા નં.(૪) છેલ્લા ૧૦ વર્ષના વર્ષવાર મકાનના કબ્જેદારની માહિતી કોના નામથી વેરા વસુલ થાય છે તેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ આકારણી દાખલ કર્યેથી આજ પર્યન્ત ઉપરોકત મકાનમાં કબ્જેદાર તરીકે રમેશભાઈ કાનજીભાઈ માકડીયાના નામથી જ મોકલવામાં આવે છે તેવી મુદ્દા નં.(૫) તા.૧૩–૧૦–૦૫ ના સમય દરમ્યાન ઉપરોકત મકાન કોના નામથી નોંધાયું છે? મકાનવેરો કોણ ભરપાઈ કરે છે વેરો કેવી રીતે ચેકથી કે રોકડમાં ભરવામાં આવે છે તેની તમામ દસ્તાવેજ સાથેની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ તે સમયથી રમેશભાઈ કાનજીભાઈ માકડીયાના નામથી નોંધાયેલ છે તથા રેકર્ડ ચેક કરતાં વેરો પણ કબ્જેદારશ્રી ભરતા માલુમ પડેલ છે અને વેરો ચેકથી ભરપાઈ કરેલ છે તે અંગેનું પાર્ટીસ્ટેટસ સામેલ છે. તેવા મુદ્દા નં.(૬) સદર મકાનની ઈમ્પેકટ ફી શા માટે વસુલ કરવામાં આવેલ છે મકાનનું કેટલું બાંધકામ નિયમબધ્ધ હતુ? મકાન કોનું હતું કોની પાસેથી ઈમ્પેકટ ફી વસુલ કરી છે રૂા.૧૦,૦૦૦ –ઈમ્પેકટ ફી કયા નિયમોને આધારે વસુલ કરી છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અત્રેના મંજુર પ્લાન કરતાં વધારે બાંધકામ કરવામાં આવેલ હોય , મંજુર પ્લાનમાં જણાવેલ શરતને આધીન, ગૃડા એકટ મુજબ ઈમ્પેકટ ફી વસુલ લેવામાં આવી હતી. મંજુર પ્લાન મુજબ સદર પ્લોટના ભોંય તળિયાના બિલ્ટઅપ એરીયા ૨૬.૭૯ ચો.મી. ની છે તેમાં મનસુખભાઈ પટેલ હસ્તક ગૃડા એકટ ૨૦૦૧ મુજબ ઈમ્પેકટ ફી વસુલ લેવામાં આવી છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ મકાન કોનું હતું તેની વિગતો અરજદારને પૂરી પાડેલ નથી. જે અંગે અરજદારે અપીલ તબકકે તેવી માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૭ સદર મકાનોના મકાનો પૈકી કેટલા મકાનના કઈ તારીખે દસતાવેજો કચેરીમાં નોંધાવવામાં આવ્યા? પ્લોટ નંબર અને તારીખની માહિતી, ઉપરોકત મકાનના દસ્તાવેજો ની કચેરીમં નોંધવામાં આવેલ બાબત રેકર્ડ પર માહિતી ઉપલબ્ધ નથી તેવી મુદ્દા નં.૮ અત્રેની કચેરીના દફતરે કબ્જેદાર, વેરો ભરનારનું નામ ન હોય એવી વ્યકિતના ના નામે દસ્તાવજે નોંધી શકાય? બાબતે જવાબ જાહેર માહિતી અધિકારીએ માહિતી 'ના' માં આપેલ છે. મુદ્દા નં.૯ મકાન

દસ્તાવેજ રજૂ થયો હોય તો તેની માહિતી. જે અંગે મકાન દસ્તાવેજ અત્રેના દફતરે રજૂ કરવામાં આવેલ નથી તેવી મુદ્દા નં.૧૦ મકાન ઉપર માળ લેવાયલ હય અને તેની મંજુરી આપી હોય તો તેની માહિતી . જે અંગે જાહેર માહિતી અધિકારીએ અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સદર માહિતી ઉપલબ્ધ નથી તેવી મુદ્દા નં.૧૧ પ્લોટ નં.૧૯૦ સરિતા વિહાર સોસા.વિ–૧ મગોબ ટેના નં.૨૪એ–૦૫–૪૮૪૧–૦–૦૦૧ જેના બીલ ડીસ્પેચ રેકર્ડ મુજબ આપનાર સ્વીકારનાર નામ રીસીવ કર્યાની તારીખની માહિતી. મુદ્દા નં.૧૨ તા.૧૯–૧૦–૦૫ ના ડીસ્પેચ રજીસ્ટર એસએમસી પેજ નં.૧૮૦૪ બીલ નં. ૨૩૮૫૩૮ ના રેકર્ડ મુજબ બીલ રીસીવ કરનાર વ્યકિનું નામ અને રીસીવ કર્યાની તારીખ મુદ્દા નં.૧૩ તા.૭–૯–૦૭ ના બીલ ડીસ્પેચ રજી. એસએમસી પેજ નં.૨૦૨૬ બીલ નં.૧૧૩૪૯૪ રેકર્ડ મુજબ બીલ રીસીવ કરનાર વ્યકિતનું રજું નામ અને બીલ રીસીવ કર્યાની તારીખ.જે અંગે જાહેર માહિતી અધિકારીએ સદર મિલ્કત ના બીલ ડીસ્પેચ રેકર્ડ, ઉપર યુપીસી રજી. ચેક કરતાં રીસીવ કરનાર કબ્જેદારને સહી જાણવા મળે છે. તેવી જેમાં તારીખની નોંધ કરેલ નથી તેવી તથા બીલ ઈસ્યુની કામગીરી શ્રી હરી કુરીયર ધ્વારા કરવામાં આવતી હોય ઈસ્યુ કરનારની સહી કરવામાં આવતી નથી જેની નકલ આપેલ છે. તથા રજી. માં જણાવેલ પેજ નંરરની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧૪ પ્લોટ નં.૧૯૦ ના સદર ટેનામેન્ટ બાબતે આકારણી કબ્જેદાર કે મકાન માલિક કે મકાન સબંધી થયેલ તુમાર બાબતે રમેશભાઈ કાનજીભાઈ માકડીયા સિવાય કોઈ વાંધા અરજોઓ દફતરે નોંધાયો હોય તો તમામ દસ્તાવેજો ની પ્રમાણિત નકલ, જે અંગે જાહેર માહિતી અધિકારીએ સદર પ્લોટના સબંધિ કબ્જેદાર રમેશભાઈ કાનજીભાઈ માકડીયા સિવાય બીજા કોઈ પણ વ્યકિતએ વાંધા અરજી કરેલ નથી. તેવી મુદ્દા નં.૧૫ આકારણી કરનાર એરીયા ઈન્સ્પેકટરની જવાબદારી સંભાળતા અધિકારી ઉપરોકત વિસ્તારને લગતી છેલ્લા ૧૦ વર્ષવાર નામના હોદ્દાની માહિતી . જે અંગે જાહેર માહિતી અધિકારીએ સને ૨૦૦૨ એ ૨૦૦૩ થી આકારણી સર્વેયર તરીકે એન. એચ. ભંડારી અને હાલમાં ઉપરોકત વોર્ડ નં.૨૪એ માં વોર્ડ ઈન્સ્પેકર તરીકે શ્રી જે કે. આરીવાલા ફરજ બજાવે છે તેવી મુદ્દા નં.૧૬ સદર ટેનામેન્ટના એડ્રેસ મુજબ આકારણીમાં બનેલ તુમારની ખરી નકલો તેમજ કબ્જેદાર તરીકે કયારથી કોનું નામ ચાલી આવેલ છે તેની માહિતી, જે અંગે મુદ્દા નં. ૨ માં માહિતી આપેલ છે તે મુજબ આજ પર્યન્ત કબ્જેદાર તરીકે રમશેભાઈ કાનજીભાઈ માકીડયાનું નામ ચાલુ છે જેના પાના નં.૧ થી ૩ ની માહિતી આપેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડેલ જણાય છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં ગોળ ગોળ જવાબ અને ઈરાદાપૂર્વક વાંચી ન શકાય તેવી માહિતી આપી ખોટી રીતે નાણા વસુલે છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અપીલ તબકકે અત્રેથી પાઠવેલ પત્રના અનુસંધાને તા.૧૬–૭–૦૯ ના રોજ સ્પષ્ટતા કરેલ છે જેમાં મુદ્દા નં.૬ કોનું મકાન હતું તેની માહિતી આપેલ નથી. તથા આકારણીના તા.૮–૪–૦૨ નો પત્ર ક્રમાંક નં.૧૫ પછી અવાંચ્ય છે તેવી સ્પષ્ટ એસએમસી નં.૩૪૯–૧ ૦,૦૦૦–૪–૧ ની નકલ પણ અવાંચ્ય છે તથા ૨૪એ–૦૫– ૪૮૪૧–૦–૦૦૧ ૧૯૯૯–૨૦૦૦ની દફતરી ઉતારાની નકલ તથા નામ ટ્રાન્સફર ન કરવાના વાંધાઓ વંચાતા નથી,એસેસમેન્ટ રજીસ્ટરની નકલ તથા ૭/૧૨ની નકલ પણ વંચાતી નથી. આ તથા આ સિવાયની અન્ય માહિતીમાં સિકકો મારી સહી કરેલ નથી તેવી રજૂઆત કરેલ છે. અને આ રીતે ખોટી રીતે આ કાગળો વાંચી શકાય નહીં તેવા કાગળો આપી નાણા વસુલ કર્યા તેની સ્પષ્ટતા કરી રજૂઆત કરેલ છે. અરજદારે મુળ અરજીથી પ્રમાણિત અને ખરી નકલ માંગ્યાનું જણાય છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) હેઠળ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. સાથે દફતરી તપાસણી અને પ્રમાણિત નકલો પૂરી પાડવાની જોગવાઈ પણ તે હેઠળ કરવામાં આવેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૬ માં માંગવામાં આવેલી માહિતી મકાન કોનું હતું? જે અંગે નહી પૂરી પડાયેલી માહિતી તથા ઉપરોકત જણાવ્યા અનુસાર અવાંચ્ય નકલોના કિસ્સામાં અરજદારને દિન–૭ માં દફતરી તપાસણી પૂરી પાડી તે પૈકીની નકલોનો ઉતારો કરવા દેવા અને તેની નકલોને પ્રમાણિત કરી આરટીઆઈ એટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ તપાસણી અને દસ્તાવેજ નકલ ફી અરજદાર પાસેથી વસુલ લઈ પૂરી પાડવા તથા જે નકલો વાંચી શકાય તેવી છે. પરંતુ પ્રમાણિત કરવામાં આવેલ નથી તે કિસ્સામાં અરજદારને પ્રમાણિત કરાવી હુકમ અમલવારીની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,(વરાછા ઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા